# ગુજરાતનો મહાસંગ્રામ 2012



ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ચૂંટણીલક્ષી તાલીમ કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. (તસવીર : દિપક જાની)

### આનંદીબેન અને અમિત શાહ વચ્ચે પણ ખેંચતાણ

## ભાજપ, કોંગ્રેસ તેમજ GPPમાં ટિકિટ પ્રશ્ને આંતરિક ખેંચતાણ


### કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલા, શક્તિસંહ અને મોઢવાડિયા પોતપોતાના લોકોને ટિકિટ અપાવવા લોબીમાં વ્યસ્ત છે

અમદાવાદ,તા. ૧૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોને લઈને ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીમાં અંદરખાને ખેંચતાણની સ્થિતિ પ્રવર્તી રહી છે. દિવાળીના ફટાકડાઓના અવાજો વચ્ચે કેટલાક એવા બોમ્બ છે જે ગુજરાતમાં રાજકીય પાર્ટીઓની અંદર હાલ ગુપ્ત રીતે ફૂટી રહ્યા છે. ભાજપ-કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીમાં પણ વિભાજનની સ્થિતિ દેખાઈ રહી છે. ત્રણે



પાર્ટીઓમાં ટિકિટ મેળવવા માટે જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. ભાજપમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અંતિમ નિર્ણય લેનાર છે. પ્રક્રિયા મુજબ જ મોદીએ ભાજપ હાઈ કમાન્ડને એક યાદી મોકલી દીધી છે જે મંજૂર પણ થઈ ચૂક્યું હોવાનું જાણવા મળ્યું છે પરંતુ મોદી હજુ પણ તેમના નજીકના સાથીઓની સલાહ ગંભીરતાપૂર્વક સાંભળી રહ્યા છે. શોહરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટર કેસમાં જેલમાં પણ જઈ આવી ચૂકેલા અમિત શાહ હાલમાં જામીન ઉપર છે. મહત્વપૂર્ણ મામલાઓમાં પટેલોની ભૂમિકા



મહત્વપૂર્ણ દેખાઈ રહી છે. શાહની ગેરહાજરીમાં વર્ષ ૨૦૧૦ની ચૂંટણીમાં આનંદીબેન પટેલની ભૂમિકા મહત્વની રહી હતી. શાહના નજીકના ગણાતા લોકોને દૂર કરવામાં આવ્યા હતા પરંતુ શાહની ઉપસ્થિતિ થઈ ગયા બાદ હવે ફરીવાર લડાઈ તીવ્ર બની છે.

આનંદીબેન પટેલ અને અમિત શાહ વચ્ચે ઘણી બેઠકો ઉપર આંતરિક તંગદિલી દેખાઈ રહી છે. મોદી માટે બંનેને શાંત કરવાની બાબત ચોક્કસપણે પડકારરૂપ છે. બીજી બાજુ કોંગ્રેસમાં પણ આવી જ સ્થિતિ છે. સોનિયા ગાંધીના રાજકીય સેક્રેટરી અહેમદ પટેલ અને સ્ક્રીનીંગ કમીટિના વડા સી પી જોષી સતત કામગીરીમાં લાગેલા છે. તમામ સાંસદો, અગ્રણી નેતાઓ સાથે વાતચીતના રાઉન્ડ યોજાઈ ચૂક્યા છે. શંકરસિંહ વાઘેલા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને પક્ષના રાજકીય એકમના પ્રમુખ અર્જુન મોઢવાડિયા વચ્ચે ખેચતાણ છે. આ તમામ ત્રણે તેમના લોકો માટે ટિકિટ મેળવવા માટે જોરદાર લોબી ચલાવી રહ્યા છે. રાહુલ ગાંધીનું કહેવું છે કે ટિકિટ મેરિટ ઉપર આપવામાં આવશે. જૂથવાદી ક્વોટાના આધાર ઉપર આપવામાં આવશે નહીં. કેન્દ્રીય પ્રધાનો ભરતસિંહ સોલંકી અને તુષાર ચોધરી પણ ભારે દોડધામ કરી રહ્યા છે.

કેશુભાઈની પાર્ટીમાં પણ કોઈ સ્થિતિ વધારે સારી નથી. ૧૦૦ દિવસ જૂની પાર્ટીમાં પણ ખેંચતાણની સ્થિતિ છે. ગોરધન ઝડફિયા અને સુરેશ મહેતા પોતાની રીતે સક્રિય થયેલા છે. ઝડફિયા પટેલનો પ્રોત્સાહન આપી રહ્યા છે જ્યારે મહેતા મેરિટની રાહ કરી રહ્યા છે. આ બંને નેતા જીપીપીના બીજી હરોળના નેતા છે. રાજકીય પક્ષોની ગણતરીને લઈને નવી હિલચાલ શરૂ થઈ છે. એક અંગ્રેણી અંગ્રેજી અખબારમાં રાજકીય પક્ષો વચ્ચે ચાલી રહેલી ખેચતાણના તારણો રજૂ કરવામાં આવ્યા છે.

## ચૂંટણીમાં કોળી મતદારોની ભૂમિકા ખૂબ નિર્ણાયક હશે

### સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના પટ્ટામાં બે ડઝનથી વધારે બેઠકો પર કોળી સમુદાયનું વર્ચસ્વ : ભાજપ અને કોંગ્રેસ સક્રિય

અમદાવાદ,તા. ૧૦

ગુજરાતના જુનિયર પ્રધાન પરષોત્તમ સોલંકીની માંદગીના કારણે ભાજપની છાવણીમાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે. શક્તિશાળી કોળી નેતા સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના પટ્ટામાં બે ડઝન વિધાનસભાની બેઠક ઉપર સામુદાયીક વર્ચસ્વ ધરાવે છે. સોલંકી ભાવનગર ગ્રામીણ બેઠક પરથી શક્તિસિંહ ગોહિલ સામે લડત ચલાવવા ઈચ્છુક નથી. સોલંકી રોબીનહુડ ઈમેજ માટે જાણીતા રહ્યા છે. આ વખતે તેઓ આ પ્રદેશમાં મોદી સામે લોબી ચલાવી રહ્યા નથી જેથી ભાજપને નુકસાન થઈ શકે છે. સોલંકી દ્વારા રચવામાં આવેલા કોળી સેના દ્વારા આ વખતે ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. ગયા મંગળવારના દિવસે સોલંકીએ મોદીનો સંપર્ક કરીને વાતચીત કરી હોવાનું જાણવા મળ્યું છે. શક્તિસિંહ ગોહિલ પણ છેલ્લા ૧૨ મહિનાથી ભાવનગરના ગ્રામીણ વિસ્તારમાં જોરદાર મહેનત કરી રહ્યા છે. જાતિ સમીકરણો ગોહિલની તરફેણ કરી શકે છે. ભાજપ અને કોંગ્રેસ બંને સોલંકીની હિલચાલ ઉપર નજર રાખી રહ્યા છે. કોળી સમુદાયની ૨૫ બેઠકો ઉપર હાજરી મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સોલંકીએ અગાઉ કોળી સમુદાય માટે ૩૫ ટિકિટની માંગણી કરી હતી. દરિયાકાંઠાના ભાવનગર પટ્ટામાં ૨૦ ટકા મતદારો કોળી સમુદાયના હોવાનું જાણવા મળી રહ્યું છે. મોદીએ હળવું વલણ અપનાવતા સોલંકીએ કોંગ્રેસ સાથે સંપર્ક સ્થાપિત કર્યા હતા. મોદી સરકારે ઘણા કેસોમાં તેમનો બચાવ કર્યો છે જેમાં ૪૦૦ કરોડના ફિસરીઝ કોભાડનો સમાવેશ થાય છે. મતદારોની સંખ્યા પણ ખૂબ મોટી દેખાઈ રહી છે. વર્ચસ્વવાળા વિસ્તારોમાં કોળી મતો ઉપર ભાજપ અને કોંગ્રેસ મુખ્ય ધ્યાન આપવા માગે છે. ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા મેળવવા ખૂબ જ મહત્વપૂર્ણ કોળી સમુદાય રહેશે.

## ૩૪-દહેગામ વિધાનસભા મત વિસ્તારને લગતી ફરિયાદ અને પ્રશ્ન માટે કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ૩૪- દહેગામ વિધાનસભા મત વિસ્તારનો કન્ટ્રોલ રૂમ ૩૪-દહેગામ વિધાનસભા મત વિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (દબાણ), ગાંધીનગર, જિલ્લા સેવા સદન, ત્રીજો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે. ૩૪-દહેગામ વિધાનસભા મતવિસ્તારને લગતી કોઈ પણ ફરિયાદ, પ્રશ્ન કે ઘટના બાબતેની જાણ કન્ટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૨૫૫૮ ઉપર કરી શકાશે. તે સિવાય ૩૪-દહેગામ વિધાનસભા મત વિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરને મોબાઈલ નં. ૮૯૮૦૦૩૫૦૧૪ અથવા ૩૪-દહેગામ વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર શ્રી સંજય જોષીને ફોન નંબર - ૦૭૯-૨૩૨૫૯૦૪૧ અને મોબાઈલ નંબર-૯૪૨૬૩ ૨૭૨૨૭ ઉપર પર પણ જાણ કરી શકાશે. તેવું અખબારી યાદીમાં ૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું છે.

## સૌરાષ્ટ્ર નરેન્દ્ર મોદી માટે પડકાર રૂપ સાબિત થશે

અમદાવાદ,તા.૧૦

પરંપરાગત રીતે ભાજપના મજબૂત ગઢ સૌરાષ્ટ્રમાં આ વખતે મોદી સામે ઘણી સમસ્યા દેખાઈ રહી છે. માત્ર કેશુભાઈ પટેલથી જ નહીં બલ્કે કોંગ્રેસથી પણ ભાજપને ચિંતા દેખાઈ રહી છે. કેશુભાઈ પટેલ લેઉવા પટેલ સમુદાયમાં સારું પ્રભુત્વ ધરાવે છે. બીજી બાજુ કોંગ્રેસના ચાર શક્તિશાળી કોળી નેતાઓ પણ અહીં વર્ચસ્વ ધરાવે છે જેમાં કુંવરજી બાવળીયા, પુંજાભાઈ વંશ, ચંદ્રીકા ચુડાસમા અને સોમાભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ તમામ પરિબળોને ધ્યાનમાં લઈને મોદીને આગળ વધવું પડશે અને અહીંની બેઠકો ઉપર ધ્યાન આપવું પડશે.

## ભાજપના પ્રદેશ હોદ્દેદારોની બેઠકમાં પ્રચાર માટે વ્યૂહરચના ઘડવામાં આવી

ગાંધીનગર, તા. ૧૦

દિવાળીના તહેવારો બાદ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારના મુદ્દા અને વ્યૂહરચના ઘડવા માટે પ્રદેશ હોદ્દેદારોની મેરેથોન બેઠક શરૂ કરવામાં આવી છે.

ઉમેદવાર પસંદગી પ્રક્રિયા પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે હવે વિધાનસભાની ૮૫ બેઠકોની પ્રથમ તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે કયા ચૂંટણી મુદ્દાઓ રાખવા, વિધાનસભા બેઠક દીઠ કેટલી કેટલી જાહેર સભાઓ સંમેલનો યોજવા અને કઈ રીતે ચૂંટણી પ્રચાર કરવો આ અંગેની રણનીતિ ઘડવા પ્રદેશ હોદ્દેદારોની બેઠકનો દોર શરૂ થવા પામ્યો છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અને પ્રદેશ અધ્યક્ષની અધ્યક્ષતામાં પ્રદેશ હોદ્દેદારોની બેઠક મળી હતી. જેમાં પ્રથમ તબક્કામાં યોજાનારી ચૂંટણી માટેના પ્રચારની રણનીતિ અંગે ચર્ચા વિચારણા કરીને વિધાનસભા બેઠક દીઠ તાલુકા મથકોએ કેટલી ચૂંટણી સભાઓ યોજવી ચૂંટણી પ્રચાર માટે પ્રદેશના અને રાષ્ટ્રીય નેતાઓને બોલાવવા માટે પણ નિર્ણયો લેવામાં આવતા હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં ભાજપ રાષ્ટ્રીય નેતાઓને ચૂંટણી પ્રચાર માટે બોલાવશે પરંતુ સ્ટાર પ્રચારક તો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જ રહેશે. પ્રદેશના આગેવાનો અને સંસદસભ્યોને જિલ્લાની જવાબદારીઓ સોંપવામાં આવશે.

આ ઉપરાંત મહિલા મોરચો યુવા મોરચા સહિતના તમામ મોરચાના આગેવાનો અને કાર્યકરોને પણ ચૂંટણી પ્રચારમાં જોડવામાં આવશે. પ્રદેશ ભાજપ આગેવાનો દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા બાદ હવે ચૂંટણી વ્યૂહરચના અને પ્રચારની રણનીતિ ઘડી કાઢવામાં આવી છે.

## આંતરિક ખેંચતાણ....

અમદાવાદ,તા.૧૦

- ભાજપ, કોંગ્રેસ અને જેપીપીમાં ખેંચતાણ
- ત્રણે પક્ષોમાં પોતપોતાના લોકોને ટિકિટ અપાવવા ખેંચતાણ જારી
- મોદીના કેમ્પમાં અમિત શાહ અને આનંદીબેન પટેલ વચ્ચે વર્ચસ્વની લડાઈ
- ઘણી બેઠકો ઉપર આનંદીબેન અને અમિત શાહ વચ્ચે ટેન્શનની સ્થિતિ
- કોંગ્રેસમાં વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા વચ્ચે પણ ખેંચતાણની સ્થિતિ
- પોતપોતાના લોકોને ટિકિટ અપાવવા કોંગ્રેસના ત્રણે ટોચના નેતાઓ દ્વારા લોબી જારી
- દિલ્હીના પાવર સર્કલમાં ભારે ભાગદોડ
- મેરિટના આધારે ટિકિટ આપવા રાહુલ ગાંધી મક્કમ
- ક્વોટા સિસ્ટમના આધારે ટિકિટને લઈને કોંગ્રેસમાં જોરદાર ખેંચતાણ
- ગુજરાત પરિવર્તન પાર્ટીમાં પણ ટિકિટ ફાળવણીને લઈને ઊથલ પાથલ

### એક નહીં ચાર વખત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ,પહેલા સીએમ પાંચ વર્ષ ચાલ્યા

## અનામતની આગમાં શેકાઈ ગયેલા ખામ થિયરીના -ણેતા માધવસિંહ

**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**

**॥ આઠમો મણકો ॥**

માધવસિંહ સોલંકી ડિસેમ્બર-૧૯૭૬માં ગુજરાતમાં -થમ વખત મુખ્યમત્રી બન્યા હતા. ત્યારબાદ બહુમતી ગુમાવતાં તેઓએ એ-િલ-૧૯૭૭માં રાજીનામું આપ્યું હતું. ૧૯૮૦ની ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસપક્ષને જંગી બહુમતી મળતાં માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી પદે નિમાયા હતા. સોલંકીની સંસદીય કારકીર્દી ૧૯૫૭થી શરૂ થયેલ છે.



તેઓ ૧૯૫૭ની ચૂંટણીમાં ભાદરણ બેઠક પરથી મુંબઈ વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા હતા અને ત્યારબાદ સાતમી વિધાનસભા (૧૯૮૫) સુધી સતત ચાર વખત ભાદરણની બેઠક પરથી ચુંટાઈ આવ્યા છે. કોઈપણ સભ્ય સતત સાત વખત એક જ બેઠક પરથી ચૂંટાઈ આવે તેવો ગુજરાતમાં તે વખતે માત્ર આ એક જ કિસ્સો હતો.

સોલંકીની બીજી સિદ્ધી તેઓએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે (૧૯૮૦-૧૯૮૫) સળંગ પાંચ વર્ષની મુખ્યમંત્રી તરીકે રહેવાની મુદત પુરી કરી હતી તે છે. પાંચ વર્ષની મુદત પુરી કરી સોલંકી ૧૯૮૫માં ફરીથી મુખ્યમંત્રી બન્યા હતા. ૧૯૮૫ના જૂન મહિનામાં અનામત વિરોધી આંદોલન ઉગ્ર બનતા તથા પાછળથી કોમી રમખાણમાં બદલાઈ જતાં તેઓને છટ્ઠી,જૂલાઈ-૧૯૮૫ના રોજ મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું હતું. ૧૯૮૭થી તેઓ બે વખત રાજયસભામાં ચૂંટાયા છે.

માધવસિંહ સોલંકીએ ૧૯મી નવેમ્બર-૧૯૮૪ના રોજ -ાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને નિશાળમાં બપોરે એક ટંકનું ભોજન મળી રહે તે માટે તામીલનાડુ રાજય જેવી મધ્યાહન ભોજન યોજનાની જાહેરાત કરી અમલ શરૂ કર્યો હતો આ સાથે ફુડ ફોર વર્ક, ગરીબી રેખાની નીચે જીવતા લોકોને ૫૦ ટકા રાહતદરથી અનાજ, દરેક કક્ષાએ સ્ત્રી કેળવણી વિના મુલ્યે, ગરીબ સ્ત્રી પુરુષોને સાડી-ધોતી મફત આપવાની યોજના, પાંચમા ધોરણ સુધી અંગ્રેજી ભણાવવાની નીતિ, પીવાના પાણીને અગ્રતા, પંચાયતોના વોટર વર્કસના વીજળી બીલ સરકાર ભરે, વહીવટી તંત્રમાં એકબારી પદ્ધતિ, પંચાયતો સ્વનિધિમાંથી અમુક રકમ પોતાને અનુકુળ કામમાં વાપરી શકે જેવી વિવિધ યોજનાઓ તેમના સમયમાં શરૂ કરવામાં આવી હતી.

માધવસિંહ સોલંકી વાચન તથા સંગીતનો ખૂબ જ શોખ ધરાવે છે અને આ શોખ માટે તેઓ ગમે તેમ કરી સમય ફાળવે છે. ગમે તેટલા તનાવમાં પણ સ્વસ્થતાથી રહી શકે છે અને ગુસ્સે થયા પછી એક મિનિટમાં સ્વસ્થતા ધારણ કરી શકે છે. ૧૯૮૫માં રાજીનામું આપી રાજયસભામાં ગયા બાદ તેઓ ચોથી વખત ૧૯૮૭માં ફરી મુખ્યમંત્રી બન્યા હતા. ચાર વખત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ માત્ર તેઓ જ ધરાવે છે.

છટ્ઠી ગુજરાત વિધાનસભાની રચના ૭મી જૂન-૧૯૮૦ના રોજ થઈ હતી. આ વિધાનસભામાં ૧૮૨ સભ્યો પૈકી કોંગ્રેસના ૧૪૦, જનતા પક્ષના ૨૧૪, ભાજપના ૯, લોકદળના ૧ અને ૧૦ અપક્ષ સભ્યો હતા.

માધવસિંહ સોલંકીના મુખ્ય મંત્રીપદે ૭મી જૂન-૧૯૮૦ના રોજ મંત્રીમંડળનો સોગંધવિધિ થયો હતો. આ મંત્રીમંડળમાં ૨૨ મંત્રીઓ હતા. તેમાં ૯ મંત્રીઓ, ૫ રાજય મંત્રીઓ અને ૬ નાયબ મંત્રીઓ હતા. અધ્યક્ષપદે ૨૦મી જૂન-૧૯૮૦ના રોજ નટવરલાલ શાહ પસંદ થયા હતા. જનતાપક્ષના રમણીક ધામી ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. આ મંત્રીમંડળમાં સનત મહેતા, મનોહરસંહિજી જાડેજા, -બોધ રાવલ, અમરસંહિ ચૌધરી, ત્રંબકલાલ દવે, મહંત વિજયદાસજી વગેરે નિવડેલા સભ્યો હતો. વિરોધપક્ષના નેતા તરીકે જનતાપક્ષના દલસુખભાઈ ગોધાણી હતા.

માધવસિંહના રાજયકાળમાં બે વખત અનામત નીતિના વિરોધમાં આંદોલન થયા હતા,ઁ ખામ થિયરીના -ણેતા માધવસંહિના સત્તાસ્થાને બેઠાં પછી અનામતની આગ સૌ -થમ ૧૯૮૧માં જોવા મળી હતી જે ૧૯૮૫માં ભડકો થઈને બહાર આવી હતી. ફેબ્રુઆરી થી ઓગષ્ટ-૧૯૮૫નો કાળ ઘણો દુશ્કર રહ્યો.

ગુજરાતની ભયાવહ સ્થિતિ આજે પણ લોકો ભૂલી શક્યા નથી. આતંક અને અવિશ્વાસ બધાંના ચિત્ત પર છે. આ તોફાનોમાં મુંબઈના માફિયાઓ અને દારૂના બુટલેગરોએ ભાગ ભજવ્યો હતો અને તેઓને પોલીસ તંત્ર અને રાજય સરકારનો આશ્રય મળ્યો હતો. પોલીસ અને સૈન્યની હાજરીમાં હિંસાચારના વરવા દ્રશ્યો જોવા મળતા હતા. માધવસંહિના સમયમાં ગૃહમંત્રી રહેલા -બોધ રાવળ ક્યારેય મુખ્યમંત્રી બની શક્યા નહીં.

તોફાનોનો ભોગઁ ગુજરાત સમાચાર પણ બન્યું હતું. અમદાવાદના ખાનપુરમાં વેસ્ટર્ન ટાઈમ્સ, જનસત્તા અને ઈન્ડિયન એક્સ-ેસ જેવા અખબારો પર હુમલા થયાં.ઁ ગુજરાત સમાચાર ભવન ને સળગાવવામાં આવ્યું અને પોલીસ મૂક -ેક્ષકની જેમ જોતી રહી. આગમાં સપડાયેલું ઁગુજરાત સમાચાર બમણી તાકાત સાથે બહાર આવ્યું અને સત્તાપલટો થયો હતો.

વિધાનસભામાં એક વખત ચર્ચા દરમ્યાન કોઈએ ઁ પુછ્યો કે અમુક સ્થળે ખોટી રીતે ખાતમૂહૂર્ત થયેલ છે. આ સભ્યને માધવસંહિ સોલંકીએ જવાબ આપતાં તેવું કહ્યું હતું કેઁ આપણે ધ્યાન ન રાખીએ તો આપણું ખેતર કોઈ બીજા ખેડી જાય, માટે ધ્યાન રાખવું જોઈએઁ.

મુખ્યમંત્રી માધવસિંહે એક વખત મુલ્કી સચિવાલયમાં એકત્ર થયેલ તુમારોના નિકાલ માટે ઝૂંબેશ શરૂ કરી હતી અને એક અઠવાડિયું મંત્રીઓને -વાસ ન કરતાં સચિવાલયમાં બેસી તુમાર નિકાલ કરવા આદેશ આપેલ. સનત મહેતા ત્યારે નાણા અને શ્રમ મંત્રી હતા. તેઓની કામ કરવાની રીત બધા કરતાં અલગ હતી. તેઓ અભ્યાસુ અને મહેનતુ હતા. પોતાના કામનો તાત્કાલિક નિકાલ કરી તેમણે મુખ્યમંત્રીને જણાવેલ કે મારી પાસે કોઈ કામ બાકી નથી. કોઈની પાસે વધારે ફાઈલો નિકાલ માટે બાકી હોય તો મને મોકલી આપો. હું તાત્કાલિક નિકાલ કરી દઈશ.

માધવસિંહ પાસે વારંવાર મંત્રીમંડળના વિસ્તારની માગણી આવતી અને તેઓ થોડા વખતમાં મંત્રીમંડળનો વિસ્તાર કરવાનું વિચારે છે તેમ જાહેર કરતા પણ પોતાની મુદત પુરી થઈ ત્યાં સુધી મંત્રીમંડળનો વિસ્તાર કર્યો ન હતો. એક સત્રમાં વિધાનસભાના સભ્યો માટે વડોદરા યુનિ.ના વિદ્યાર્થીઓ તરફથી ગાંધીનગર ટાઉનહોલમાં અંગ્રેજી નાટક વેઈટીંગ ફોર ગોડોટ રાખવામાં આવ્યું હતું.

આ નાટકના વિશ્રામ સમયમાં મુખ્યમંત્રીનું ભાષણ અને તેમને અભિનંદનનો કાર્યક્રમ હતો. નાટકનું વિચાર વસ્તુ સમજાવતા સોલંકીએ જણાવ્યું કે મેં ઘણા સમયથી મંત્રીમંડળનો વિસ્તાર કરવાની જાહેર કરીને સભ્યોની કોણીએ ગોળ લગાડેલ છે અને બધા તમે મંત્રી બનવા આતુરતાથી રાહ જુઓ છો તે સ્થિતિ એટલે વેઈટીંગ ફોર ગોડોટ આ સાંભળી હોલમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. તેમની રમૂજવૃત્તિનું આ ઉદાહરણ છે. માધવસિંહે ગુજરાતમાં ચાર ટુકડામાં કુલ ૨૦૪૬ દિવસ રાજ કર્યું છે. (ક્રમશઃ)